# <u>વ્યાખ્યાન વિષય : જૈન ધર્મના લુપ્ત ગ્રંથો</u>

## જીતેન્દ્ર શાહ

'જૈન ધર્મના લુપ્ત ગ્રંથો' અત્યંત અસ્પૃશ્ય છતાં અતિ મહત્વનો વિષય છે. એની માહિતી આપણને ક્યાંથી અને કેવી રીતે પ્રાપ્ત થાય છે એ મહત્વનું છે. જૈન ધર્મનાં લુપ્ત ગ્રંથો વિશે જયારે વિચાર કરીએ છે ત્યારે અત્યંત આશ્ચર્ય થાય છે કે જૈન ધર્મના આચાર્યોએ, ઉપાધ્યાયોએ, સાધુ-ભગવંતોએ અને વિદ્વાનોએ પુષ્કળ કાર્ય કર્યું છે. **2600** વર્ષના સમયગાળા દરમ્યાન અકલ્પનીય કાર્ય પ્રાપ્ત થાય છે. સામાન્ય બાબતે કહેવું હોય તો કહી શકાય કે ભારતની **.4%** વસ્તી ધરાવતો આ જૈન ધર્મ છે અને આપણી પાસે **30** લાખથી વધુ હસ્તપ્રતો છે. ભારતમાં પ્રાપ્ય હસ્તપ્રતોમાં **15** થી **20%** ફાળો જૈન ધર્મની હસ્તપ્રતોનો છે. જૈનધર્મના શ્રેષ્ઠીઓ ધનવાન છે એ તો જાણીએ છે પરંતુ જૈન ધર્મના શ્રેષ્ઠીઓ અને આચાર્ય ભગવંતોએ જે જ્ઞાનને સાચવવાનું કાર્ય કર્યું છે તે અત્યંત આશ્ચર્યજનક છે. વિશ્વમાં પ્રાચીન હસ્તપ્રતોનો સંગ્રહ સૌથી વધુ કોઈ ધર્મ પાસે હોય તો એ જૈન ધર્મ પાસે છે. એક સમય એવો હતો કે આપણા જૈન ધર્મ પાસે કરોડોથી વધુ હસ્તપ્રતો હતી પરંતુ અંતિમ કેટલાક કાળમાં, બે-ત્રણ સદીઓમાં આપણી ઘણી હસ્તપ્રતો, ગ્રંથો નષ્ટ થયાં છે. આપણે લુપ્ત ગ્રંથોની વાત કરીએ એ પૂર્વે લુપ્ત થવાના કારણો જાણવા જરૂરી બની જાય છે.

કલકત્તાના રહેવાસી શ્રી અગરચંદજી નાહટા બિકાનેરના મોટા ગજાના વિદ્વાન જેમણે મારું ગુર્જર સામાયિક દ્વારા સાહિત્યની ઘણી સેવા કરી હતી. ખાસ કરીને તપગચ્છના ગ્રંથોના સંપાદનનું કાર્ય કર્યું હતું. પોતાના જીવન દરમ્યાન રાજસ્થાનના નાના-નાના ગામડાંઓમાં ઊંટ પર બેસીને રોટલો અને મરચું ખાઈને હસ્તપ્રતો એકઠી કરી હતી. અભય પુસ્તકાલયમાં આજે પણ એક લાખ હસ્તપ્રતો સચવાયેલી છે. એવું અનુપમ કાર્ય સાવ એકલા, કોઈ લોભ કે લાલચ વિના અને તે પણ રાજસ્થાનના રણમાં ઊંટ પર ફરીને ભગીરથ કાર્ય કર્યું. તેમણે પોતે જ ક્યાંક નોંધ્યું છે કે અત્યારે આપણો જૈન સાહિત્ય પ્રેમ જેવો હોવો જોઈએ તેનો સોળમાં ભાગનો પણ સાહિત્ય પ્રેમ નથી અને તેને કારણે જ ઘણું સાહિત્ય નષ્ટ થઈ ગયું છે. આ નષ્ટ થવાનાં કારણો જોઈએ તો :

<u>અંગેજી શાસનનું ભરતમાં આગમન :</u>

આમ તો અંગ્રેજી શાસનનું આગમન આપણા માટે નફાકારક પણ હતું અને નુકસાનકારક પણ. નફાકારક એ રીતે કે અંગ્રેજોએ આપણને આપણા સાહિત્યને જોવાની, સાચવવાની એક સમજણ આપી. તેમણે આપણને સાહિત્ય માટે જાગૃત પણ કર્યાં અને તેના સંશોધન માટેની નવી દ્રષ્ટિ પણ આપી. સાથે-સાથે ઘણું

બધું સાહિત્ય ભારતમાંથી લઈ પણ ગયાં. એ લોકોએ નાના-નાના ગામડાંઓમાંથી સાહિત્ય મેળવ્યું એ માટે ચોરી તો ન કરી પરંતુ એમને પસ્તીના ભાવે વેચાતું ખરીદ્યું અને તેને કારણે જ આજે આપણને લંડનમાં બ્રિટિશ યુનિવર્સિટી, પેરિસ, જર્મની વગેરેનાં ગ્રંથાલયોની મુલાકાત લઈએ છે ત્યારે માલમ થાય છે કે એમની પાસે પણ પુષ્કળ પ્રમાણમાં હસ્તપ્રતોનો ખજાનો પડેલો છે. અમેરિકામાં શિકાગો યુનિવર્સિટી, પેનીસુએલા યુનિવર્સિટીમાં પણ હસ્તપ્રતોનો સંગ્રહ જોવા મળે છે. અંગ્રેજોએ જયારે ભારતીય ભાષા અને ભારતીય સાહિત્યનો અભ્યાસ શરુ કર્યો ત્યારે એમણે એ સાહિત્યને જ્યાંથી પ્રાપ્ત થયું ત્યાંથી પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો. રશિયા જેવા દેશમાં પણ પિટ્સબર્ગ યુનિવર્સિટીમાં પણ લેનિનગ્રાડમાં હસ્તપ્રતોની પ્રાપ્તિ થાય છે. આ રીતે જોઈએ તો આપણું ઘણુંબધું સાહિત્ય વિદેશમાં પણ ગયેલું જણાય છે.

અંગ્રેજોએ એક મોટું કાર્ય કર્યું કે આ સાહિત્ય મૂલ્યવાન અત્યંત મૂલ્યવાન છે અને તેને સાચવવું જોઈએ તેવી દ્રષ્ટિ આપી.અંગ્રેજો જેમણે હસ્તપ્રત સાચવવાની દ્રષ્ટિ આપી.વિલિયમ,જ્યોર્જ, ગુહલેર, સ્ટેટ વાર્ટ્સ, પીટર,પીટરસન અને બીજા અનેક યુરોપીય વિદ્વાનોએ આપણી દ્રષ્ટિ ખોલી. ભાંડારકર અને મિત્રા જેવા વિદ્વાનોએ કૅટલૉગ બનવવાનું શરુ કર્યું. રાઘવને મદ્રાસ યુનિવર્સિટીમાં એક વિશાળ પ્રોજેક્ટ હાથ ધર્યો જેનું નામ 'કૅટલૉગસ કૅટલૉગરમ' હતું. જેમાં પ્રાપ્ય હસ્તપ્રતો છે તેનું કૅટલૉગ અને તે હસ્તપ્રત કયા-કયા સંગ્રહમાં કે ભંડારોમાં ઉપલબ્ધ છે તેની વિગતો આપી અને મહાભારત જેવું બૃહદ કાર્ય આદર્યું. આજે વર્ષો પછી પણ આ કાર્ય ચાલું છે.

<u>પરધર્મીઓ દ્વારા થયેલ નાશ :</u>

ધર્માંધ મુસ્લિમો આપણા દેશમાં આવ્યા. તેમણે જોયું કે આ તો નાપાક શાસ્ત્રો છે અને જ્યાં સુધી હયાત હશે ત્યાં સુધી પોતાના ધર્મનો પ્રચાર શક્ય નહીં થઈ શકે અને એટલે જ આ આક્રાંતાઓએ આપણા ગ્રંથ ભંડારોને બાળવાનું કાર્ય કર્યું. નાલંદા વિશ્વવિદ્યાલયને ત્રણ મંજિલનું વિશાળ મકાન હતું. એમાં પ્રથમ મંજિલનું નામ 'રત્નસાગર', બીજી મંજિલનું નામ 'રત્નોદધિ' અને ત્રીજી મંજિલ 'રત્નાકર' હતું. આ ત્રણ મંજિલના ગ્રંથાલયમાં લાખો ગ્રંથો હતા. રત્નસાગર, રત્નોદધિ અને રત્નાકર નામ જ દર્શાવે છે કે આપણી ભારતીય સંસ્કૃતિમાં ગ્રંથને રત્ન, સાગર મહોદધિનું બિરુદ આપી મહત્તા સ્થાપી હતી. મુસ્લિમ રાજાઓએ એ ગ્રંથાલયને બાળી મૂક્યો. સતત છ-સાત દિવસ સુધી એ ગ્રંથાલય બળતું રહ્યું. આ ઉપરાંત આક્રાંતાઓએ એલેક્ઝાન્ડ્રિયાની લાયબ્રેરી પણ બાળી નાંખી. આવા કારણોને લીધે આપણા ઘણાં ગ્રંથો લુપ્ત થયા.

<u>કુદરતી આફતો :</u>

ધર્મગ્રંથો લુપ્ત થવાનું બીજું મહત્વનું કારણ એટલે કુદરતી આફતો. લાકડાની પેટીઓમાં ગ્રંથોને રાખવામાં આવતા.એ લાકડાની પેટીઓ લાકડાના કબાટમાં મૂકવામાં આવતી. જયારે અકસ્માતે આગ લાગે કે જળ પ્રકોપ થાય ત્યારે આ ગ્રંથો નષ્ટ થઈ જતાં. ભૂકંપને કારણે પણ આપણા ઘણાં ગ્રંથો નાશ પામ્યાં હતા. હાલમાં જ કચ્છમાં આવેલ ભૂકંપ સમયે કચ્છની ઘણી હસ્તપ્રત લાયબ્રેરી નષ્ટ થઈ તેમ જ સુરતમાં પૂર આવ્યું ત્યારે ત્યાંની પણ લાયબ્રેરી નાશ પામી.

<u>વિભાજનને કારણે :</u>

1947 પૂર્વેની ઘટનાઓની વાત કરીએ તો એ સમયે વિભાજનના ભણકારા વાગવા માંડ્યા હતા ત્યારે આપણું મોટામાં મોટું સાંસ્કૃતિક કેન્દ્ર લાહોર ગણાતું હતું અને લોકોને દ્રઢ વિશ્વાસ હતો કે લાહોર તો ભારતમાં જ રહેશે પરંતુ એમ થયું નહીં. આપણા સાંસ્કૃતિક ગ્રંથો, મૂળ ગ્રંથોનું પ્રકાશનનું કાર્ય લાહોરમાં જ થતું હતું. મોતીલાલ બનારસી દાસ જેવો વિશ્વ પ્રતિષ્ઠિત પ્રકાશક એ પણ લાહોરમાં જ હતા જે વિભાજન થયું ત્યારે ત્યાંથી ભાગી જઈને ભારત આવ્યા હતા. લાહોરની જેમ ઢાકા પણ આપણું સાંસ્કૃતિક કેન્દ્ર હતું. ત્યાં અનેક પંડિતો જે મધ્ય ન્યાયના પંડિતો હતા, મિથિલા પછી જે વિદ્વાન પંડિતો હતા તે ઢાકામાં હતા. વિભાજન સમયે આ પંડિતોને પોતાની સંપત્તિ, ઘરવખરી અને ગ્રંથો આદિ ત્યાં મૂકીને જ ભાગી આવવું પડ્યું, ત્યારે પણ ગ્રંથો નષ્ટ થયા. થોડા સમય પૂર્વે કાશ્મીરમાં મુસ્લિમોએ આક્રમણ કર્યું અને પંડિતો સઘળું છોડીને ભાગ્યા. ઘણાં બધા ગ્રંથ ભંડારો મુસ્લિમોએ નષ્ટ કર્યાં અને જે થોડાં બચ્યા તે વિદેશીઓએ પડતર ભાવે ખરીદી લીધા.

ભારતમાં સ્થિત કાશ્મીર તંત્રશાસ્ત્રનું કેન્દ્ર ગણાતું હતું. એક સમય હતો જયારે કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યએ સરસ્વતી દેવીની સાધના માટે કાશ્મીર જવાનું વિચારી રહ્યા હતા. એ સમયે એમને સંકેત થયો અને કાશ્મીર જવાને બદલે રાજસ્થાનના મારવાડના એક ગામની અંદર સરસ્વતી દેવીની સાધના કરી અને સરસ્વતી દેવીને પ્રસન્ન પણ કર્યાં. કાશ્મીર જનાર અભિનવગુપ્ત, બિલ્હણ જેવા મહાન પંડિત રહેતા હતા જેમણે તંત્ર શાસ્ત્રનો અભ્યાસ કર્યો અને અનેક ગ્રંથોની રચના કરી આજે બિલ્હણ અને અભિનવગુપ્તના અનેક ગ્રંથો લુપ્ત થઈ ગયા છે.એ લુપ્ત થયેલ ગ્રંથો આપણને પ્રાપ્ત નથી થતા પરંતુ કલિકાલ સર્વજ્ઞ અને બીજા જૈન સાધુ, આચાર્યો, વિદ્વાનોએ અભિનવગુપ્તના ગ્રંથોની પંક્તિઓ ઉદાહરણ રૂપે પોતાના ગ્રંથોમાં આલેખી છે. એ ઉપરથી આજે આપણને ખબર પડે છે કે અભિનવ ગુપ્તે કેટલા સૂક્ષ્મવિચારોયુક્ત ગ્રંથો રચ્યા હતા. એ ગ્રંથો એટલે કલિકાલ સર્વજ્ઞનું છંદોનું શાસન, અલંકાર વગેરેના ગ્રંથોનો અભ્યાસ કરીને વી.એમ કુલકર્ણી જે પ્રાકૃત ભાષાના મોટા વિદ્વાન હતા તેમણે અભિનવ ગુપ્તના ગ્રંથોને પુન: સંપાદિત કર્યા. આ રીતે આપણને

પ્રાચીન ગ્રંથોનો અન્ય ગ્રંથોમાં કરેલા ઉલ્લેખને આધારે ખબર પડે છે કે આપણા કેટલાંયે ગ્રંથો લુપ્ત થઈ ગયા છે.

<u>બદલાયેલ સામાજિક પરિવેશ :</u>

મનુષ્યના વિકાસ સાથે સામાજિક પરિવેશ બદલાઈ ગયા અને તે બદલાવવાને કારણે ગામડાંઓ તૂટતાં ગયા અને લોકોએ સ્થળાંતર કરીને શહેરો તરફ પ્રયાણ કર્યું. ગામડાંમાંથી શહેરોમાં વસવાટ કરવા ગામડાંના દેરાસરો અને ગ્રન્થાલયો આદિને છોડીને જવું પડ્યું. દેરાસરોની પ્રતિમાઓનું યોગ્ય સ્થાને સ્થળાંતર થઈ શક્યું પરંતુ ગ્રંથોના ભંડારો કોઈ સાચવનારા ન હોવાને કારણે નધણિયાતાં થઈને નષ્ટ થઈ ગયાં.

<u>યતિ પરંપરા :</u>

પ્રાચીન સમયમાં યતિ પરંપરા હતી. જૈન ધર્મમાં યતિ પરંપરાનો અત્યંત મોટો પ્રભાવ હતો અને ગામોગામ યતિઓની ગાદી હતી. યતિઓએ જૈન ધર્મની રક્ષા કરવામાં બહુ મોટો ભાગ ભજવ્યો હતો. યતિઓએ સૌથી પ્રથમ તો સમાજ પર પ્રસ્થાપિત થયેલ વૈષ્ણવ પરંપરાના પ્રભાવની સામે જૈન ધર્મના અનુયાયીઓને રક્ષવા માટે ઘણું કાર્ય કર્યું. બીજી તરફ ફકીરો અને બાબાઓ લોકોના દુઃખો, રોગો દૂર કરવા માટે તાવીજ વગેરે આપીને લોકોને ધર્માંતર કરવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્યારે યતિઓએ પોતાની સાધનાના બળે, જાણકારીના બળે, ચારિત્રના બળે કેટલાંય જૈનોને વટલાવતાં કે અન્ય ધર્મમાં પરિવર્તિત થતાં બચાવ્યા હતા.એ જ યતિઓ આપણા ગ્રંથભંડારોની પણ રક્ષા કરતા હતા. સમય જતાં યતિ પરંપરા પણ શિથિલ થઈ, તેનો પ્રભાવ ઓસરાયો અને તેને કારણે ભંડારોની સાચવણીનું કાર્ય પણ શિથિલ થઈ ગયું. યતિઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે પણ સમાજ પર આશ્રિત હતાં. તેમનો પ્રભાવ ઓસરતાં સમાજ તરફથી મળતું ધન, પુરસ્કાર આદિ બંધ થઈ ગયું અને તેઓ ગ્રંથભંડારને વેચી નાંખતા અને પોતે ધર્મનું રક્ષણ કરી રહ્યાં છે તેવો ખોટો ભ્રમ અનુભવતા હતા. એ ગ્રંથો વિદેશીઓ ખરીદીને પોતાનાં દેશમાં લઈ ગયા અને આપણો વારસો લુપ્ત થતો ગયો.એક તરફ આપણા જ લોકોએ આપણા જ ગ્રંથોને વેચવાનું કાર્ય કર્યું. ઉપાધ્યાયજી યશોવિજયજી વિષે આપણે જાણીએ જ છે, સાંભળ્યું છે કે એમના સવાસો ગાથાના સ્તવનમાં પહેલી બીજી એમણે તે સમયની પરંપરા, તે સમયની પરિસ્થિતિ, લોકોની ભાવનાઓ અને યતિઓના કારસ્તાન વિશે જે પ્રકાશ પાડ્યો તે માટે યતિ પરંપરા જે રીતે આક્રોશમાં આવી ગઈ. એ આક્રોશનું પરિણામ એ આવ્યું કે એમણે યશોવિજયજીનાં ઘણા બધાં ગ્રંથો બાળી નાંખ્યા. યશોવિજયજીનાં વર્તમાનમાં આપણને માત્ર 70 થી 75 ગ્રંથો જ પ્રાપ્ત થાય છે. યતિઓનું વર્ચસ્વ નામશેષ થયું, તેમનું ગુજરાન ચલાવવાનું મુશ્કેલ બન્યું એટલે એમણે શિથિલાચાર આચર્યો અને ગ્રંથો વેચી નાંખ્યા.

જૈનોની ઉદાસીનતા :

અમે જયારે ભારતભરમાં હસ્તપ્રત સાચવવાનું અભિયાન ચાલવી રહ્યા હતા ત્યારે અમને ઘણા બધા અનુભવો થયા. ગામડાંના લોકો પણ બસો-પાંચસો રૂપિયાની લાલચે પોતાની પાસેના ગ્રંથો વેચી કાઢતા હતા. કોઈ કહે કે તમે થોડાં મહિના પહેલા આવ્યા હોત તો અમે ઘણું બધું આપી શક્યા હોત. ગ્રંથો નષ્ટ થવાના કારણો જુદાં-જુદાં પ્રદેશમાં જુદા-જુદા જોવા મળે છે પરંતુ વાસ્તવિકતા એ જ છે કે ગ્રંથો લુપ્ત થયા છે.

એક સ્થળે ગયા હતા ત્યાં એ અનુભવ થયો કે તમે થોડા સમય પૂર્વે આવ્યા હોત તો મારી પાસે એક ભાગવતનો એક હસ્તલિખિત સચિત્ર ગ્રંથ હતો. મારા ઘરે નવી વહુ આવી અને તે સાફસફાઈની ચીવટવાળી હતી અને તેણે એ ગ્રંથ પસ્તીમાં વેચી નાંખ્યો. અન્ય એક સ્થળે નર્મદા નદીનાં કાંઠાનાં બે ગામો છે ત્યાં ઘણા લોકોએ એમ કહ્યું કે તમે એક વર્ષ પૂર્વે, છ માસ પૂર્વે કે એક માસ પૂર્વે આવ્યા હોત તો ? અમે તો ઘણા બધા ગ્રંથ નર્મદામાં વહેવડાવી દીધા. ગ્રંથો પ્રત્યેની ઉદાસીનતા, ગ્રંથોને સાચવવા માટેની આપણી બેદરકારી, ગ્રંથ સાચવણીના કર્તવ્યમાં શિથિલતા આવવાથી ગ્રંથો લુપ્ત થયા અને એ કારણે આપણે આપણું ઘણું બધું જ્ઞાન ગુમાવી દીધું છે. એક વિદ્વાને એમ કહ્યું છે કે, 'મંદિર તૂટી જશે તો તે પૈસા ખર્ચીને પણ પુન: નિર્માણ થઈ શકશે પરંતુ જો એક ગ્રંથ નષ્ટ થાય તો આપણે પુન: એવો જ ગ્રંથ નિર્મિત કરી શકતા નથી એટલે મંદિરના નાશ કરતાં એક ગ્રંથનો નાશ મોટો વિનાશ સર્જે છે એમ સમજવું જોઈએ.'

અપાત્રતા :

આપણે ત્યાં એક પરંપરા, માન્યતા રહેલી છે જેણે ગ્રંથોનો નાશ કરવામાં મોટી ભૂમિકા ભજવી છે. ખાસ કરીને માન્યતા એવી છે કે આપણા ગ્રંથોમાં ઘણી ગુપ્ત વિદ્યાઓ સંગ્રહાયેલી છે. ગુપ્ત ધન, ગુપ્ત વિદ્યા, ગુપ્ત સાધના, ગુપ્ત મંત્ર આદિ રહેલાં છે જેનાથી મોટી સિદ્ધિ પ્રાપ્ત થાય છે એવું માનવામાં આવતું હતું. પરિવારમાં જયારે કોઈ યોગ્ય વ્યક્તિ ન હોય ત્યારે ઘરના વડીલ પોતાની અંતિમ અવસ્થામાં વિચારતાં કે જો આ ગ્રંથ કોઈ અયોગ્ય વ્યક્તિના હાથમાં જાય એના કરતા જળશરણ કરાવવું વધુ ઉચિત છે.

અલ્હાબાદમાં સ્થિત કે.પી.જૈસવાલ ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર પ્રોફેસરે એક માણસને પૈસા આપી રાખ્યો હતો. એ વ્યક્તિને ઊંડે સુધી તરતાં આવડતું હતું. ગંગા નદીના કિનારે એ આંટા માર્યા કરતો. ગંગાનદીના કિનારે ઘણા લોકો ગ્રંથો વહાવી જતા ત્યારે તે માણસ તરત જ ડૂબકી મારીને એ ગ્રંથ બહાર લેતો અને પછી કે.પી.જૈસવાલ ઈન્સ્ટિટ્યૂટમાં વેચી નાંખતો. આજે એ ઈન્સ્ટિટ્યૂટમાં 36000 જેટલાં ગ્રંથો સચવાયા છે.

આપણે ત્યાં ગુરુ-શિષ્ય પરંપરા, બ્રાહ્મણોમાં પિતા-પુત્ર પરંપરા હતી જેમાં પોતાનું જ્ઞાન શિષ્યને કે પુત્રને આપવામાં આવતું. ઘણીવાર શિષ્ય કે પુત્રની યોગ્યતા ન હોય તો ગુરુ કે પિતા પોતાની ગ્રંથ સંપત્તિ આપવાને બદલે વિનાશના માર્ગે લઈ જવાનું વિચારતા. ઘણીવાર ગુરુને કોઈ શિષ્ય ન હોય અને એમના મૃત્યુ બાદ એ ગ્રંથ ભંડાર બંધ પડ્યો રહેતો અને ઉધઈનો ખોરાક બની જઈને નષ્ટ થઈ જતો. આપણા જૈન બંધુઓ, ટ્રસ્ટીઓ ગ્રંથ સાચવવાની બાબતમાં ઉદાસીન હોવાથી તેમજ ગ્રંથને સાચવવા માટે ગ્રંથને કબાટના તાળામાં રાખતા જેથી કોઈ લઈ ન જાય. વર્ષો પછી કબાટ ખોલે ત્યારે ખબર પડે કે સઘળા ગ્રંથો ઉધઈ ખાઈ ગયા હોય એટલે એને કાઢી નાંખ્યા સિવાય અન્ય માર્ગ રહેતો નથી. આ પરિસ્થિતિ ઘણી ગંભીર હતી. વિધર્મીઓએ ગ્રંથો નષ્ટ કર્યાં, વિદેશીઓ લઈ ગયા તેમજ આપણા લોકોએ પણ ગ્રંથ ભંડારોને નષ્ટ કર્યાં છે. આ બધા કારણોનું ચિંતન પણ નથી કર્યું અને ચિંતા પણ નથી કરી.

<u>સ્મૃતિભ્રંશ :</u>

કેટલીવાર સ્મૃતિ ભ્રંશ થવાને કારણે ગ્રંથો લુપ્ત થયા છે. આપણે જયારે 'દ્વાદશાંગી'ની વાત કરીએ છે એમાં બારમાં 'દ્રષ્ટિવાદ' અંગ વિશે વાત કરીએ છે ત્યારે એમ કહીએ છે કે આ અંગમાં ચૌદપૂર્વ હતા.પહેલા પૂર્વમાં એક હાથી પ્રમાણ શાહીથી લખાય એટલું જ્ઞાન હતું. અને પ્રત્યેક પૂર્વની વાત કરતી વખતે હાથી પ્રમાણ બેવડાતું જતું હતું.પહેલાનું એક, બીજાનું બે ,ત્રીજાનું ચાર અને ચોથનું આઠ એમ વધારતા વધારતા લગભગ છત્રીસોથી વધુ હાથી પ્રમાણ શાહીથી લખાય એટલું બૃહદ જ્ઞાન સમાયેલું હતું. ચૌદપૂર્વ ધીમે-ધીમે નષ્ટ થતાં ગયા કારણકે સમયની સાથે મનુષ્યની સ્મૃતિ પણ ઓછી થતી ગઈ. સ્મૃતિહ્રાસ થવાને કારણે આગમો ભૂલતા ગયા. આગમો લખવાની પરંપરા તો બહુ પછીથી આવી પહેલા તો મૌખિક પરંપરા જ હતી અને સ્મૃતિહ્રાસને કારણે એ લુપ્ત થતા ગયા. આજે દ્રષ્ટિવાદના ચૌદ પૂર્વ નષ્ટ થઈ ગયા છે.

<u>મૂળની અદલાબદલી :</u>

આપણા દ્વાદશાંગીમાં અગિયાર અંગ આગમો ઉપલબ્ધ છે તેમાં પ્રશ્ન વ્યાકરણ છે. આ ગ્રંથના નામ પરથી જ ખ્યાલ આવે છે કે પ્રશ્નનું વ્યાકરણ. પ્રશ્ન અને તેનું સમાધાન કઈ રીતે થાય. પ્રશ્નના સમાધાન માટેની વિદ્યા. આ ગ્રંથની અંદર પણ ઘણી વિદ્યાઓ એવી હતી જેમાં સંસારના પ્રશ્નો હતા, આવા ગ્રંથને સાચવવું અઘરૂં પડી જશે. દશવૈતાલિક સૂત્રની અંદર સ્પષ્ટ લખવામાં આવ્યું છે કે સાધુએ તંત્ર-મંત્ર જેવી વિદ્યાઓનો પ્રયોગ કરીને સંસારિકને મદદ કરવી નહીં જયારે અતિશય આપત્તિ આવે ત્યારે જ એનો પ્રયોગ કરવો. 'બહુજન હિતાય અને બહુજન સુખાય' માટે જ કરવો પરંતુ ગમે તે મનુષ્ય માટે ન કરવો. ગમે તેને દર્શાવવા પ્રયોગ કરવા માંડે તો પોતાની સાધના બાજુ પર રહી જાય એટલે આવા ગ્રંથો લુપ્ત થયા.

પ્રશ્નઃવ્યાકરણની દશા તો એવી થઈ કે મૂળ તો નીકળી ગયું અને તેને સ્થાને અન્ય ગ્રંથ આવી ગયો જેમાં દસ અધ્યાય છે અને એમાં પાંચ આશ્રવના અને પાંચ સંવરના અધ્યાયો છે. પાંચ અશ્રવમાં પાંચ અપ્રતોની વાત : હિંસા, અસત્ય,ચોરી, અધર્મ અને પરિગ્રહની વાત કરી અને પાંચ સંવરની અંદર અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહની વાત કરી. આખી એક વિચિત્ર પરિસ્થિતિ નિર્માણ થઈ. આગમની સંખ્યા યથાવત રહે એટલે એક નવો ઉમેરી દીધો અને તેનું નામ પ્રશ્નવ્યાકરણ જ રહેવા દીધું. આવી રીતે આગમો લુપ્ત થતા ગયા.

એક ‘ઋષિભાષિત’ નામનું મહત્વનું આગમ છે. આપણી પાસે હાલમાં જેટલાં આગમો છે તેમાં આ એક એવું આગમ છે જેમાં જૈન ધર્મનો અનેકાંતવાદ પ્રાચીન દ્રષ્ટિએ સુંદરરીતે વર્ણવવામાં આવ્યો છે. આ ગ્રંથ પણ આગમોની શ્રેણીમાંથી બહાર નીકળી ગયો. આ જે પરિસ્થિતિ છે તે જુદા-જુદા ગ્રંથો માટે વિભિન્ન સંયોગોને કારણે લુપ્ત થવાનું અથવા અન્ય ગ્રંથો આવી જવાનું બન્યું છે. ‘સ્થાનાંગ સૂત્ર’ની અંદર આપણને મૂળ પ્રશ્ન વ્યાકરણના ગ્રંથની બાબતો જાણવા મળે છે જેથી આપણે કહી શકીએ કે જે મૂળ ગ્રંથ હતો તે ઉપલબ્ધ નથી અને તેને સ્થાને અન્ય છે. જોધપુરના વતની જોહરીમલ પારસનો સંકલ્પ હતો કે અમુક પૈસા ભેગા થાય પછી ધંધો છોડી દેવો. આશ્ચર્યની વાત એ થઈકે પ્રથમ વર્ષે જ એટલા પૈસા કમાઈ લીધા કે સંકલ્પ પ્રમાણે બધું છોડીને સાધનામાં ઊતરી ગયા. માત્ર એક વસ્ત્ર જ પહેરતા હતા.એ વસ્ત્ર પણ વિચિત્ર હતું. જે ગ્રંથો મંગાવ્યા હોય તે જે કપડામાં વીંટાઈને આવે તે વસ્ત્રોને ધોઈને સાંધી લે અને ધોતિયાં તરીકે પહેરે. એમણે જયારે પ્રશ્નવ્યાકરણ વિશે સાંભળ્યું ત્યારે એમણે ખોજ શરુ કરી અને નેપાળના કાઠમંડુ ની રાષ્ટ્રીય પુરાતત્વની લાયબ્રેરીમાંથી મૂળ પ્રશ્નવ્યાકરણ મળ્યું. અત્યારે પ્રશ્નવ્યાકરણનું સંશોધન અને સંપાદન ચાલી રહ્યું છે. ભવિષ્યમાં એ પ્રકશિત થશે.

<u>લુપ્ત ગ્રંથો વિશે માહિતી :</u>

આપણે ત્યાં એક અત્યંત મૂલ્યવાન ગ્રંથ હતો. જેમાં અમુક બાબતો કોઈને સમજાવવાની ન હોય અથવા ગુપ્ત રાખવાની હોય કે બીજાને આપવાથી એનો દુરુપયોગ થવાની સંભાવના હોવાથી એ ગ્રંથને ગુપ્ત રીતે રાખવામાં આવતો હતો. એ ગ્રંથનું નામ 'યોનિ પાહુડ' હતું. તે એક આગમિક ગ્રંથ છે જેની પ્રત આપણને પ્રાપ્ય નથી માત્ર એક પ્રત છે પરંતુ એ પણ ખંડિત છે જેથી તેનું સંપાદન કરવું અઘરું છે. સિદ્ધસેન દિવાકર સૂરિના સમયે આ ગ્રંથનો ઉપયોગ કરીને એમાંથી હોરાઓ બનાવ્યા હોવાનો ઉલ્લેખ મળે છે. એ સિવાય અન્ય ઠેકાણે પણ જ્યાં આ ગ્રંથનો ઉલ્લેખ મળે છે તેમાં લખ્યું છે કે એમાં જાતજાતનાં પ્રયોગો આપવામાં આવ્યા છે. જુદી-જુદી જાતનાં જીવોને કઈ રીતે ઉત્પન્ન કરી શકાય તેની પ્રક્રિયાઓ દર્શાવી છે.

જીવોને ઉત્પન્ન કરવાની જે પદ્ધતિ આપણને આપવામાં આવી છે. આજે આપણે જોઈએ છે કે કોરોનાના જીવાણુંઓ પ્રયોગશાળામાં બનવવામાં આવ્યા છે એમ માનવામાં આવે છે. તેમ આવા જીવો બનવવાની પ્રક્રિયા આ ગ્રંથમાં છે. એ સિવાય અન્ય એક વાત પણ સાંભળવામાં આવે છે કે આ ગ્રંથનો સ્વાધ્યાય કરવામાં આવતો હતો. એ પણ રાતના એકાંતમાં જ કરવામાં આવતો અને કોઈ ન સાંભળે એ માટે મોઢે કરવામાં આવતો હતો. સ્વાધ્યાય કરવો એટલે ગ્રંથ મોઢે કરવો.

યાદ રાખવાની એક પરંપરા હતી. એક રાત્રે એક મુનિ 'યોનિ પાહુડ' ગ્રંથનો સ્વાધ્યાય કરી રહ્યા હતા ત્યારે સરોવરમાં કે તળાવમાં માછલીઓની ઉત્પત્તિ કઈ રીતે થાય એની વિધિ ચાલી રહી હતી તે સમયે એક માછીમાર નીચેથી પસાર થઈ રહ્યો હતો અને એણે આ આખી વિધિ સાંભળીને યાદ રાખી લીધી અને પછી એનું એક ચૂર્ણ બનાવીને તળાવની અંદર નાંખ્યું અને માછલીઓની ઉત્પત્તિ થઈ અને એ માછલીઓને પકડીને વેચીને અઢળક ધન કમાયો અને ધનવાન બની ગયો. કેટલાંક સમય પછી એ મુનિ ભગવંત એ જ ગામમાં પધાર્યા ત્યારે એ માછીમાર એમને વંદન કરવા આવે છે અને કહે છે કે તમારી કૃપાથી જ હું ધનવાન થયો છું. મુનિ ભગવંતને સમજાયું નહીં કારણકે એ ભાઈને જોયેલા કે મળેલા હોય એવું કોઈ સ્મરણમાં ન હતું. ત્યારે માછીમાર ખુલાસો કરતા કહે છે કે તમે માછલી ઉત્પન્ન કરવાનો સ્વાધ્યાય કરતા હતા તે પ્રયોગ એણે સાંભળ્યો અને મેં પણ પ્રયોગ કરીને માછલીઓ ઉત્પન્ન કરી અને ધન કમાયો. આ વાત સાંભળીને મુનિ ભગવંતને અતિશય દુઃખ થયું કે એમના નિમિત્તે જીવોની હત્યા થઈ. એમણે એક યુક્તિ કરી, મુનિભગવંતે માછીમારને અન્ય એક સુંદર પ્રયોગ દ્વારા હજુ વધુ ધન કમાવવાની લાલચ આપી. એ પ્રયોગ દ્વારા વાઘની ઉપત્તિ કરી. વાઘ ઉત્પન્ન થાય છે અને એ માછીમારને ખાય જાય છે. આ પ્રકારના પ્રયોગોની વાત આપણને ગ્રંથોમાં મળે છે. આ ગ્રંથો આજે આપણને આપણા હાથમાંથી લુપ્ત થઈ જવાનું જે કારણ બન્યું એમાં આવા કોઈ ગંભીર પ્રસંગને કારણે ગુપ્ત ગ્રંથોનો સ્વાધ્યાય અટકી ગયો, નકલો બનતી અટકી ગઈ, અધ્યયન અને અધ્યાપન અટકી ગયું.

આવૃત્તિ કરવી, પુનરાવર્તન કરવું, જેથી તે સરળ થઈ જાય અને એના દ્વારા ચિંતન - મંથનની ગહન પ્રક્રિયા આરંભાય. આ માટે જૈન ધર્મના સાધુઓ પ્રસિદ્ધ છે. આપણા સાધુભગવંતો ઘણા બધા ગ્રંથો કંઠસ્થ કરતા હોય છે.દા.ત. જ્ઞાનસાર અષ્ટક લખ્યું તો એ પણ કંઠસ્થ કરે. આદિ થી અંત સુધી બધા જ શ્લોક મોઢે કરે, સ્વાધ્યાય કરે, પછી એનું ચિંતન-મનન કરે, એના પર લખે, એના પર વિચારણા કરે. આપણે ત્યાં આધ્યાત્મયોગી દેવચંદ્રની વાત જાણીએ છે.તેમણે આ જ્ઞાનસાર અષ્ટકનો ચારસો વાર સ્વાધ્યાય કર્યો હતો અને એ કર્યા પછી 'જ્ઞાન મંજરી' નામની ગીતા લખી. એ ગીતામાં એમણે ઘણા બધાં રહસ્યો આપ્યાં છે.

ભદ્રંકરવિજયજી પન્યાસ મહારાજ કહેતા હતા કે, જેણે જૈન ધર્મ ભણવાની શરૂઆત કરવાની હોય તો સૌ પ્રથમ જ્ઞાનસાર ભણવું જોઈએ અને સઘળું ભણી લીધા પછી જો છેલ્લો કોઈ ગ્રંથ ભણવાનો હોય તો તે પણ જ્ઞાનસાર જ છે. અભ્યાસનો આરંભ અને અંત જ્ઞાનસારથી જ કરવો.આપણને આશ્ચર્ય થાય કે એમણે એવું કેમ કહ્યું હશે ? એ એટલા માટે કહ્યું કારણકે જ્ઞાનસાર ખરેખર જ્ઞાનનો સાર છે. આ ગ્રંથમાં અદભુત વાતો કરેલી છે અને એ જયારે આપણે જાણીએ ત્યારે આપણને આશ્ચર્ય થાય કે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી હંમેશા કહેતા કે જ્ઞાનસાર જૈન ધર્મની ગીતા છે. જેણે જ્ઞાનસારનો અભ્યાસ કર્યો છે તેને માટે જૈન તત્વોને સમજવું સરળ બની જાય છે.

આપણે એક બીજા ગ્રંથની વાત કરીએ. આપણી પાસે 'દ્વાદશાનયચક્ર' જેવો અદભુત ગ્રંથ છે. સમગ્ર વિશ્વમાં ભારતની એ સમયની દાર્શનિક પરંપરાઓ હતી તે તમામ દાર્શનિક પરંપરાઓનો સંગ્રહ, તેનું ખંડન-મંડન એ ગ્રંથમાં મળે છે. મૂળ ગ્રંથ નષ્ટ થઈ ગયો. સાતમી સદીમાં આચાર્ય હરિભદ્ર સૂરિએ 'અનેકાંતજયપતાકા' ગ્રંથની રચના કરી ત્યારે પણ એમાં એમણે લખ્યું છે કે 'દ્વાદશાનયચક્ર' ઉપલબ્ધ થતું નથી. તેરસો વર્ષ પૂર્વે આ ગ્રંથ અદ્રશ્ય થઈ ગયો હતો. બરાબર એકસો વર્ષ પૂર્વે એટલેકે આચાર્ય હરિભદ્ર સૂરિના એકસો વર્ષ પૂર્વે જે શિવસૂરી મહારાજે 'દ્વાદશાનયચક' ની એક ટીકા લખી હતી. એમાં જે પ્રતીકો લખ્યા હતા તેની નકલો મળતી હતી. મૂળ ગ્રંથ નષ્ટ થઈ ગયો હતો. એ પ્રતીકો પરથી મુનિ શ્રી જંબૂવિજયજીએ ત્રીસ વર્ષ સુધી તપશ્ચર્યા કરીને 'દ્વાદશાનયચક્ર' પુન:સર્જન કર્યું હતું. ઘણીવાર પ્રશ્ન થાય કે 'દ્વાદશાનયચક્ર' ગ્રંથમાં કોઈ રિદ્ધિ-સિદ્ધિ પામવાની વાત નથી, મંત્ર-તંત્રની વાત નથી કે નથી કોઈ સ્થાને ભંડારનો નકશો આપ્યો હોય છતાં પણ એ ગ્રંથ નષ્ટ થઈ ગયો છે આ વાત ચિંતનીય છે. આ ગ્રંથ અત્યંત કઠિન ગ્રંથ મનાય છે. સામાન્ય વિદ્વાનને પણ સમજાય નહીં એવો ગ્રંથ છે. અધ્યયન અને અધ્યાપનની પરંપરામાંથી આ ગ્રંથ બહાર પ્રગટ થયો હતો. આપણું સદ્ભાગ્ય એ કે શિવસૂરિ મહારાજે એના પર ટીકા લખી હતી તે આપણને મળે છે. આ ટીકાની નકલ કરવાનું કાર્ય ઉપાધ્યાય યશોવિજયજીએ પોતે કર્યું હતું. એની જીર્ણ પોથી એમના હાથમાં આવતા અન્ય સાત મુનિઓ સાથે મળીને આ ગ્રંથની નકલ કરી જે આપણને આજે ઉપલબ્ધ થાય છે. અધ્યયન અને અધ્યાપનની પરંપરામાંથી નીકળી જાય છે ત્યારે લુપ્ત થાય છે. એનાથી પણ પ્રાચીન બાબતોનો વિચાર કરીએ તો ખ્યાલ આવે છે કે કેવી રીતે ગ્રંથો લુપ્ત થતા હતા. એની જાણકારી આપણને વિભિન્ન ગ્રંથોમાં આવતા ઉલ્લેખને આધારે જ મળે છે.

જયારે વલભી વાચના થઈ ત્યારે દેવર્ધિગણિએ ક્ષમાશ્રમણની નિશ્રામાં વાંચના થઈ ત્યારે આચારાંગ સૂત્ર લખતી વખતે કેટલાંક નિર્ણયો લેવાયા, એ નિર્ણયો પણ અદભુત હતા. આચારાંગ સૂત્ર લખવાની શરૂઆત

કરી ત્યારે આઠમું મહાપરિજ્ઞા અધ્યયન લખવાનું પાંચસો આચાર્યોએ નિષેધ કર્યો. મંત્ર પરિજ્ઞા અંદર ઘણી બધી વિદ્યાઓ આવી જતી હતી. સંયમ પાળતા સાધુઓને પરિસર ઉપજે અને તેને કારણે તકલીફો ઉત્પન્ન થાય તે માટે સમ્યક રીતે શાંતિથી કેવી રીતે સહન કરી શકાય. તે ઉપસર્ગોને ટાળવા માટે કયા કયા પ્રયોગો કરવા જોઈએ એ આ અધ્યાયમાં આવતું હતું. સર્વે આચાર્યોએ નક્કી કર્યું કે જો આપણે આ મહાપરિજ્ઞા વિષે લખીશું તો ભવિષ્યમાં સાધુઓ કદાચ એનો દુરપયોગ કરી શકે છે. લોકોમાં પોતાની વિદ્યાબળે મહત્તા સ્થાપિત કરવાની વાતો કરશે, મંત્ર-તંત્રમાં પડી જશે અને તેને કારણે જૈન ધર્મની નિંદા થશે. આવા કારણે આપણને આઠમો અધ્યાય પ્રાપ્ત થતો જ નથી. આવી કોઈક ચિંતા કે ઘટનાઓને કારણે ગ્રંથો લુપ્ત થતાં જોવા મળે છે.

આપણા આગમ ગ્રંથો ઉપર નિર્યુક્તિ, ટીકા આદિ લખાયેલું છે. એમાં નિર્યુક્તિ તેનું પ્રથમ વિવેચન છે જે ભદ્રબાહુ સ્વામીએ લખી હતી. દસ નિર્યુક્તિ પ્રાપ્ત થાય છે અન્ય પણ લખી હતી પણ તે પ્રાપ્ત નથી. ઋષિભાષિતની પણ નિર્યુક્તિ લખી હતી તે પણ પ્રાપ્ય નથી. કાલકાચાર્યએ 'પ્રથમાનુયોગ' ધર્માનુયોગ તરીકે પ્રસિદ્ધ હતો જેમાં કથા સંગ્રહ હતો.પાટણના તાડપત્રમાં એની સાક્ષી પ્રાપ્ત થાય છે.જેને આધારે કહી શકાય કે કાલકાચાર્યે જે ગ્રંથ લખ્યો હતો એમાં જિનેશ્વર ભગવંતો, ચકવર્તીઓ અને બળદેવોના જીવન ચરિત્ર અને પૂર્વભવોની વાત કરી હતી. આજે એમાંથી એક પણ કથા પ્રાપ્ત નથી.

છેલ્લા સત્તરસો વર્ષોથી જેમની પ્રશંસા સાંભળતા આવ્યા છે તેવા વાદિદેવસૂરી એ 'સ્યાદવાદરત્નાકર' નામનો ગ્રંથ રચ્યો છે. એમાં જૈન ધર્મના દર્શન શાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર આદિનું વર્ણન કરેલું છે, અનુમાન-પ્રતિમાન વગેરેની ચર્ચા કરી છે, સૂત્ર પણ રચ્યા છે. વાચકોમાં મુખ્ય, પંડિતોમાં, વિદ્વાનોમાં પ્રથમ પંક્તિના છે તેમાં ઉમાસ્વતિ મહારાજે પોતાના જીવનકાળ દરમ્યાન પાંચસો પ્રકરણ ગ્રંથોની રચના કરી હતી એમાંથી છ-સાત જ મળે છે. સિદ્ધસેનગણિએ ઉમાસ્વતિ મહારાજના તત્વાદિગમ સૂત્રની એક મોટી ટીકા લખી છે એમાં લખ્યું છે કે ‘શૌચ પ્રકરણ’ નામનો એક ગ્રંથ લખ્યો હતો અને તેમાં પવિત્રતા શું છે તે વિશે લખાયું હશે તેનું અનુમાન કરી શકાય છે. માણિક્યચંદ્રસૂરી કૃત અમરચારિત્રમાં પાદલિપ્તસૂરિજીની 'તરંગવતી' નામની અપભ્રંશ ભાષાની અદભુત કથા મળે છે જે લુપ્ત થઈ ગઈ છે. હરિવલ્લભ ભાયાણી સાહેબે સંપાદન કર્યું હતું.

આચાર્ય સિદ્ધસેનદિવાકરસૂરિ અનેકાન્તવાદના પિતા ગણાય છે. અનેકાન્તવાદને દાર્શનિક શૈલીમાં પ્રસ્તુત કરવાનું કાર્ય અદભુત રીતે કર્યું. એમણે અનેકાન્તવાદને વારંવાર નમસ્કાર કરીને અતિ મહત્વ આપ્યું. ‘દ્વાત્રિંશિકા’ નામનો એક ગ્રંથ પણ રચ્યો હતો જે સાહિત્યનો એક પ્રકાર પણ કહેવાય છે. જેમાં બત્રીસ વિષયો પર બત્રીસ શ્લોકનું એક પ્રકરણ. આ બત્રીસ પ્રકરણમાં પરમાત્મા મહાવીરની સ્તુતિ કરી છે. ભક્તામર

સ્તોત્રમાં આવતી ભાવ, ભાષાની ઉચ્ચવત્તા અહીં જોવા મળે છે. નવમી 'દ્વાત્રિંશિકા'માં ભેદ-ભાવ વિશે, બારમી દ્વાત્રિંશિકા' માં ન્યાયદર્શન વિશે, તેરમીમાં -સાંખ્ય, ચૌદમીમાં સદીમાં - વૈશેષિક પંદરમી સદીમાં -બૌદ્ધ વિશે લખ્યું. એક જૈનાચાર્ય જયારે પોતાની કલમ ઉપાડે છે ત્યારે કેટલું ગહન લખતા હોય છે એની અનુભૂતિ થાય છે. પંડિત સુખલાલજીએ પણ સિદ્ધસેનદિવાકરની પ્રશંસા કરી છે. નિયતિવાદને સિદ્ધ કરવા ગોશાલક અને તેના અનુયાયીઓ કયો તર્ક વાપરતા હશે તેની વાત આપણને મળતી નથી. કેટલીક વાતો 'દ્વાદશનયચક્ર'માં મળે છે પણ તેનાથી પણ વિસ્તૃત 'દ્વાત્રિંશિકા'ની અંદર પ્રાપ્ત થાય છે. સિદ્ધસેન મહારાજે 'દ્વાત્રિંશિકા'ની અંદર આજીવિકના તર્કોની વાત કરીને આપણને આશ્ચર્યમાં મૂકી દીધા છે. એ.એલ.બાશમે **'History and Doctrines of the Ajivikas'** નામનું પુસ્તક લખ્યું હતું એને પણ આ ગ્રંથ પ્રાપ્ત થતો નથી. આપણને સિદ્ધસેનની બધી દ્વાત્રિંશિકા' પ્રાપ્ત થતી નથી જો આપણી પાસે હોત તો આપણને ઘણી વાત જાણવા અને સમજવા મળી હોત. સિદ્ધસેનદિવાકર સૂરિએ આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયન વિષે પણ વિવરણ લખ્યું હતું તે પણ આજે ઉપલબ્ધ નથી.

આચાર્ય હરિભદ્ર સૂરિ જૈનસાહિત્ય જગતનાં એક અનોખા સિતારા છે. એમના ઉલ્લેખ વગર જૈન સાહિત્યની વાત અધૂરી ગણાય. પોતાના જીવનકાળ દરમ્યાન **1444** ગ્રંથોની રચના કરી હતી તેમાંથી **70-74** ગ્રંથ જ મળે છે. ઘણા બધા ગ્રંથો નષ્ટ થયા, લુપ્ત થયા. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે સાડાત્રણસો કરોડ શ્લોકોની રચના કરી હતી, સિદ્ધહેમ જેવા વ્યાકરણ ગ્રંથની રચના કરી. એ સિવાય 'પ્રમાણમીમાંસા' લુપ્ત ગ્રંથ નથી પરંતુ પૂર્ણ પ્રાપ્ત નથી થતો. પંડિત સુખલાલજીએ અત્યંત મહેનત કરી પણ ન પ્રાપ્ત કર્યો. એમના સાડાત્રણ કરોડમાંથી માત્ર લાખ-સવા લાખ જ શ્લોક પ્રાપ્ત થાય છે. આચાર્ય હેમચંદ્રાચાર્યના શિષ્ય રામચંદ્રાચાર્ય અને ગુણચંદ્ર બંને વિદ્વાન હતા. નાટ્યશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર વગેરે વિષયો પર લખ્યું છે. ન્યાયશાસ્ત્રના એક ગ્રંથ 'દ્રવ્યાલંકાર'ના પ્રથમ બે અધ્યાય લુપ્ત થઈ ગયા છે પણ બાકીના ઉપલબ્ધ છે. મુનિ શ્રી જંબૂવિજયજીએ ચાલીસ વર્ષ પૂર્વે તેના સંપાદનનું કાર્ય આરંભ્યું હતું અને એ કાર્ય પૂર્ણ ન કર્યું કારણકે તેમને આગલા પ્રકરણ મળશે એવી આશા હતી. આપણા સદ્ભાગ્યે પ્રથમ બે પ્રકરણના માત્ર સૂત્ર મળ્યાં.

ત્રણસો વર્ષ પૂર્વે મહેસાણાના કનોડા ગામમાં જન્મેલા બાળ જસવંતે આચાર્ય નયવિજયગણિ પાસે દીક્ષા લઈને યશોવિજયજી બન્યા. યશોવિજયજી મહારાજ મહાન શાસ્ત્રકાર બન્યા પણ તેમના પણ ઘણા ગ્રંથો નષ્ટ થયા. અમદાવાદના એક ગ્રંથાલયમાં એમના ઘણા બધા ગ્રંથો જે અપ્રકાશિત હતા તેને ઉધઈ લાગી જવાથી જળશરણ કરવા પડ્યા. એ સિવાય જીવોસિદ્ધિ, શિવકોટિની ટીકા, નવસ્તોત્ર,સુમતિ વજ્રનંદીનું હતું

તેમજ સુમતિ સપ્તક, અર્થશબ્દ વાચ્ય નામનો ગ્રંથ વગેરે અનેક ગ્રંથો પ્રાપ્ત થતા નથી. લુપ્ત હસ્તપ્રતોની સૂચિ બનેલી છે પણ તે અપૂર્ણ જ છે.

ભવિષ્યમાં વધુ ગ્રંથો લુપ્ત ન થાય તે માટે આપણે ગ્રંથોની રક્ષા કરવી જોઈએ, પ્રકાશિત ગ્રંથોની સૂચિ તૈયાર કરવી, એના સંવર્ધન કરવી જોઈએ. ગ્રંથોને સાચવવા લેમિનેશન કરવાથી હવા અને પ્રકાશ ન મળવાથી અંદર ને અંદર કાગળ સડી જાય, નષ્ટ થાય. આપણી પ્રાચીન પરંપરા પ્રમાણે પાતળા કાગળનું આવરણ મૂકવામાં આવતું અને અમુક સમય પછી તેને બદલાવી દેવાતું એમ કરવાથી ગ્રંથ સચવાય છે. ઝેરોક્સ કરવાથી હસ્તપ્રતોને નુકસાન થાય છે તો એમ ન કરવું.આપણે અનેક બાબતો પર ધ્યાન દઈને ગ્રંથની સાચવણી કરી શકાશે.